# સલામ છે પ્રામાણિકતાને

ગાંધીનગર, તા. ૧૦

'ઓ મોટા, આ તમારા પૈસા લઈ નથી જવા ? કે હું લઈ લઉં ?' આ સાંભળીને સજ્જન ચમક્યા ને પાછળ ફરીને જોયું તો એમના રૂપિયા નીચે પડ્યા હતા. સંકોચ સાથે એમણે કદમ એ તરફ માંડ્યા ને રૂપિયા એકત્ર કરવા માંડ્યા.

શુક્રવારે સવારે ૧૧.૩૦ કલાકે સૅક્ટર-૧૬ ખાતે કાર્યરત ઈન્ડિયન બેન્કની સામેથી એક વડીલ પસાર થઈ રહ્યા હતા ને એમના હાથમાંથી રૂપિયા સરકી ગયા. સ્થાનિક ચ્હાવાળા યુવાને એમને બૂમ પાડીને બોલાવ્યા. આ યુવાન વર્ષોથી અહીં ચ્હાની લારી ચલાવે છે ને અહીંની સઘળી બૅન્ક્સના કર્મચારીઓને એ જ ચ્હા આપવા જાય છે. આ દોર દરમ્યાન એમણે વડીલના હાથમાંથી રૂપિયા સરકી જતા જોયા ને એણે વડીલને બૂમ પાડી. રૂપિયા પણ કંઈ ઓછા નહોતા. ૫૦૦-૫૦૦ રૂપિયાની પંદર-વીસ નોટ્સ તો હશે. વડીલ બહુ દૂર નહોતા પહોંચ્યા, પણ એ પરત આવે ત્યાં સુધી ચ્હાવાળો યુવાન રૂપિયાની પાસે જ ઊભો રહ્યો. ઈન્ડિયન બૅન્કનો સુરક્ષા કર્મચારી પણ તરત દોડી આવ્યો ને બંને રૂપિયાની પાસે ઊભા રહી ગયા. વડીલે આવીને રૂપિયા એકત્ર કરવાનું શરૂ કર્યું ત્યારે આસપાસના લોકોનું ધ્યાન એ તરફ પડી ગયું હતું. સ્કૂટર ઉપર સવાર બે યુવાનો રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા, દેખાવે સુખી ઘરના લાગતા હતા. એ પૈકી પાછળ બેઠેલા યુવાને નફ્ફટાઈથી બૂમ પાડી, 'કાકા, પૈસા વધારાના હોય તો અમને આપી દો !'

એક તરફ ચ્હાવાળા યુવાનની પ્રામાણિકતા, સંવેદનશીલતા અને એક તરફ સુખી ઘરના નબિરાની નફ્ફટાઈ ! ગુણ ને અવગુણ બેય સાથે જ જોવા મળ્યા. અલબત્ત, વડીલે નફ્ફટ યુવાન તરફ ધ્યાન ન આપ્યું, એમણે પોતાના રૂપિયા એકત્ર કર્યા ને ચ્હાવાળા યુવાન તથા સુરક્ષા કર્મચારીનો દિલથી આભાર માન્યો.






## પાંચ વર્ષ પૂર્ણ થતા રક્તદાન કેમ્પ યોજ્યો

સેક્ટર-૭ સ્થીત યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત યુનાઈટેડ ફિઝીયોથેરાપી સેન્ટરને પાંચ વર્ષ પૂર્ણ થતાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રક્ત એકઠુ થયું હતું. ટ્રસ્ટ દર ગુરૂવારે નિરાધારો માટે આધાર બની ગરીબોને ખીચડીનો પ્રસાદ પિરસે છે. ૫૦૦ જેટલા લોકોને ખીચડીનું જમણ કરાવે છે. રાહતદરે ફિઝીયોથેરાપી સેન્ટર ચલાવવામાં આવે છે.

# લ્યો, શ્રાવણ આવ્યો નથી ને જુગાર ચાલુ !

ગાંધીનગર, તા. ૧૦

હજુ શ્રાવણ માસે દેખા ભલે ના દીધી હોય પણ જુગારીયાઓએ જુગારની પ્રવૃત્તિ ચાલુ કરી દીધી છે.

ગાંધીનગર શહેર આર્થિક રીતે જેટલું સમૃધ્ધ છે એટલું જ અવગુણથી પણ ભરેલું છે. દારૂ, જુગાર જેવી હિન પ્રવૃત્તિઓ અહીં કહેવાતા પ્રતિષ્ઠિત લોકોમાં બેરોકટોક ચાલે છે ને ક્યાંક તો ખુલ્લેઆમ ચાલે છે. આવી જ એક જુગારની ખુલ્લેઆમ પ્રવૃત્તિ આજે સવારે ૧૧.૪૦ કલાકે સૅક્ટર-૨૮ જીઆઈડીસીમાં જોવા મળી હતી. જીઆઈડીસીથી આદિવાડા જવાનો જે સીધો રસ્તો છે તે ચાર રસ્તા ઉપર જાહેરમાં આઠેક વ્યક્તિઓ પત્તાંનો જુગાર રમી રહ્યા હતા. ભાડાનાં વાહન ફેરવતા ડ્રાઈવર્સ હતા એમાં મોટાભાગે ને છૂટક મજૂરી કરનારા લોકો પણ ખરા.

બેધડક ઝાડ નીચે બેસીને આ વ્યક્તિઓ જુગાર રમી રહ્યા હતા. પત્તાં પણ એમના હાથમાં હતાં ને રૂપિયા પણ આસાનીથી જોઈ શકાય એમ વચ્ચે પડ્યા હતા. ત્યાંથી પસાર થનારા અનેક લોકોએ એમને જોયા હશે પણ કોઈએ એમને પૂછવાની હિંમત ન કરી. ને બેધડક એ લોકો જુગાર રમી રહ્યા હતા.

કરોડોનો કારોબાર કરતા ધંધાર્થીઓ સૅક્ટર-૨૮ જીઆઈડીસીમાં પોતાનાં એકમો ચલાવે છે, તેમ છતાં રસ્તા જેવી પ્રાથમિક સુવિધા પણ અહીં ઠીકઠાક નથી એ વાત અહીંના ધંધાર્થીઓની સંવેદનશૂન્યતા દર્શાવે છે કે સરકારી એકમની નિષ્ક્રિયતા એ મુદ્દો તો ચર્ચામાં છે જ. ત્યાં વળી જુગાર જેવી પ્રવૃત્તિ આ વિસ્તારમાં ખુલ્લેઆમ ચાલતી હોવાની વાત પણ અહીંના ધંધાર્થીઓની સંવેદનશૂન્યતા સામે પ્રશ્નાર્થ જગાવીને ઊભી રહી ગઈ છે.

# મુખ્યમંત્રી રાહત નિધિમાંથી હૃદયરોગ સારવાર માટે એપોલો-સ્ટર્લિંગ હોસ્પિટલને માન્યતા

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સૌના આરોગ્યની માતૃવાત્સલ્ય ભાવથી ચિંતા સેવતાં તેમના ૧ વર્ષના શાસન દરમ્યાન મુખ્યમંત્રીશ્રી રાહત ફંડમાંથી ૪૬૦ દર્દીઓને રૂા.૧.૯૯ કરોડની સહાય કિડની, કેન્સર, હૃદય અને લીવરના રોગની સારવાર માટે આપી નવજીવન બક્ષ્યું છે.

શ્રીમતી આનંદીબહેને મે-૨૦૧૪માં રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો ત્યારથી જ આવા ગંભીરતમ રોગોની સારવાર માટે માનવીય સંવેદના સ્પર્શી ભાવ સાથે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ઉદાત સહાય તેઓ આપતા રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓના કુટુંબની વિશિષ્ટ પરિસ્થિતિ ધ્યાનમાં લઈ થેલેસેમીયા મેજર તથા અન્ય ગંભીરતમ રોગમાં પણ વધુ ૧૫ કિસ્સામાં ૧૦.૨૫ લાખની સહાય મંજૂર કરી છે.

મુખ્યમંત્રી રાહત નિધિમાંથી વર્ષ ૨૦૧૧થી અત્યાર સુધીમાં હૃદય, કિડની, લીવર રોગો માટે ૯.૬૭ કરોડની સહાયથી ૨૩૪૦ વ્યકિતઓને નવજીવન અપાયું છે. ખાસ કિસ્સામાં રૂા. ૩૪ લાખ ૬૫ હજારની સહાય મંજૂર કરી છે.

રાજયના છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવાઓ પહોંચે તેની સાથે ગંભીરતમ રોગના નિદાન-પરિક્ષણની પણ વિનામૂલ્યે વ્યવસ્થા રાજય સરકારે કરી છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી હૃદયરોગની સારવાર માટે એપોલો હોસ્પિટલ ભાટ-ગાંધીનગર અને સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદનો પણ માન્ય હોસ્પિટલોની યાદીમાં સમાવેશ કર્યો છે.

હાલ રાજયમાં યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર-અમદાવાદ, શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ-અમદાવાદ, ધર્મસિંહ દેસાઈ મેમોરિયલ મેથોડીસ્ટ ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી મિશન રોડ-નડિયાદ, શ્રી બી. ડી. મહેતા મહાવીર હાર્ટ ઈન્સ્ટીટયુટ-સુરત, પી. પી. સવાણી હાર્ટ ઈન્સ્ટીટયુટ-સુરતને આવી સારવાર માટે માન્યતા પ્રાપ્ત થયેલી છે. હવે તેમાં વધુ બે હોસ્પિટલોનો સમાવેશ થતાં રાજયની ૭ હોસ્પિટલોને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી હૃદયરોગ સારવાર માટેની માન્યતા આપવામાં આવી છે.

# ચીનના ગ્વુઆન્ગડોંગ પ્રોવિન્સ ગર્વમેન્ટના સિનિયર એડવાઈઝર લીન મૂશેન્ગ ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ચીનના ગ્વુઆન્ગડોંગ પ્રોવિન્સ અને ગુજરાત વચ્ચે સુદ્રઢ સાંસ્કૃતિક-આર્થિક સંબંધોનો સેતુ પ્રસ્થાપિત કરવા સિસ્ટર સ્ટેટ રિલેશનશીપનો ઉપક્રમ ઉપયુકત બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે.

સપ્ટેમ્બર-૨૦૧૪માં ચીનના રાષ્ટ્રપતિ શ્રીયુત ઝિનપીંગ અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગુજરાત અને ગ્વુઆન્ગડોંગ પ્રોવિન્સ વચ્ચે સિસ્ટર સ્ટેટ તરીકે સંબંધો વિકસાવવાના જે સમજૂતિ કરાર થયા હતા તે દિશામાં એક વર્ષથી પણ ઓછા સમયમાં પરિણામકારી બેઠક આજે ગાંધીનગરમાં સંપન્ન થઈ હતી.

મુખ્યમંત્રીશ્રીએ ચીનના ગ્વુઆન્ગડોંગ પ્રોવિન્સની ગર્વનમેન્ટના સિનિયર એડવાઈઝર શ્રીયતુ લિન મૂશેન્ગ સાથે યોજાયેલી આ બેઠકમાં જણાવ્યું કે, ગુઆન્ગડોંગ અને ગુજરાત વચ્ચે સામૂદ્રિક સીમા સહિતની અનેક સામ્યતાઓ રહેલી છે ત્યારે ગુઆન્ગડોંગના ઘોગો ગુજરાતમાં મૂડીરોકાણ અને ટેકનોલોજી આધારિત સહયોગ કરે તો બેય પક્ષે તે લાભદાયી બનશે.

ગુજરાતમાં વૈશ્વિક ઔદ્યોગિક પ્રગતિના જે નવાં ક્ષેત્રો ગિફ્ટ ટેકસિટી, ધોલેરા કોરીડોર, સ્માર્ટ સિટીઝ તથા ઔદ્યોગિક મૈત્રીપૂર્ણ વાતાવરણ, રોજગારીની વિશાળ તકો, સ્કીલ ડેવલપમેન્ટ વગેરે વિષયક પ્રેઝન્ટેશન ઘોગના અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલે ડેલિગેશન સમક્ષ કર્યુ હતું તેનાથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા.

શ્રીમતી આનંદીબહેને વૈશ્વિક સ્તરે ચીન અને ભારત બે મોટી મહાસત્તા રહેવાના છે ત્યારે બંને દેશોના અગ્રેસર રાજયો વેપાર-ઘોગ-સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને પ્રવાસન ક્ષેત્રે સાથે મળીને કાર્યરત થવાનો સંકલ્પ કરે તે મહત્વની ઘટના ગણાવી હતી.

મુખ્યમંત્રીશ્રી અને ગુઆન્ગડોંગની ગર્વમેન્ટના સિનિયર એડવાઈઝર શ્રીયુત લિ મૂશેન્ગની ઉપસ્થિતિમાં ચાયના કાઉન્સીલ ફોર ધ પ્રમોશન ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વચ્ચે વેપાર અને આર્થિક સંબંધો, સાંસ્કૃતિક બાબતો, શિક્ષણ અને પ્રવાસનના ક્ષેત્રોમાં પરસ્પર સહયોગની સહમતિ કો-ઓપરેશન એગ્રીમેન્ટ સંપન્ન થયા હતા. ગુજરાત ચેમ્બરના પ્રમુખશ્રી રોહિત પટેલ અને સી.સી.પી.આઈ.ટી.ના ડેપ્યુટી ડાયરેકટર જનરલ સુશ્રી ઝાંગ હુઆ એ આ કરાર પર હસ્તાક્ષરો કર્યા હતા.



# ગુજરાત યુનિવર્સિટીના ગોલ્ડ મેડલ કૌભાંડની તાત્કાલિક તપાસ કરાવો : એનએસયુઆઈ

## તપાસની માંગ પુરી નહીં કરાય તો એનએસયુઆઈ ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરશે

ગાંધીનગર, તા.૧૦

આજે એનએસયુઆઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં એક પછી એક કૌભાંડો બહાર આવી રહ્યાં હોઈ કુલપતિને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. આ રજૂઆતમાં એનએસયુઆઈએ તમામ ફેકલ્ટીમાં છેલ્લા ૫ વર્ષમાં આપવમાં આવેલા તમામ ગોલ્ડ મેડલ સામે તપાસ કરવાની માંગણી કરી હતી અને આ નિર્ણય નહીં લેવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ કરવાની ચિમકી પણ ઉચ્ચારાઈ હતી.

છેલ્લા કેટલાક સમયથી ગુજરાત યુનિવર્સિટીમાં રોજ એક નવું કૌભાંડ બહાર આવે છે જેમાં ઉત્તરવહી કૌભાંડ, એકાઉન્ટ ગોટાળા, કન્વેન્શન હોલની આવકના હિસાબનું કૌભાંડ વગેરેનો સમાવેશ થાય છે જેથી કૌભાંડ યુનિવર્સિટી કહેવું વધુ યોગ્ય રહેશે તેવું જણાવતા એનએસયુઆઈના કાર્યકરોએ કુલપતિ સમક્ષ ઉગ્ર રજૂઆતો કરી હતી. એનએસયુઆઈએ યુનિવર્સિટીની તમામ ફેકલ્ટીમાં ગોલ્ડમેડલ કૌભાંડ સર્જાયું હોવાના આક્ષેપ સાથે છેલ્લા પાંચ વર્ષમાં અપાયેલા તમામ ગલ્ડ મેડલ સામે તપાસ કરવાની માંગ કરી હતી. એનએસયુઆઈ એ યુનિવર્સિટીની એલએલબી, એલએલએમ અને એમપીઈ શાખાના ગોલ્ડ મેડલની તાત્કાલિક ખાસ તપાસની માંગ કરી હતી. વિદ્યાર્થીઓના હિતમાં કરાયેલ આ માંગ અંગે યોગ્ય નિર્ણય નહીં લેવાય તો એનએસયુઆઈ ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

# એનસીસી કેડેટ્સને મળતા વિવિધ ભથ્થા-એલાઉન્સીસમાં માતબર વધારો

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતની શાળા-કોલેજોના ૫૬ હજાર ઉપરાંત NCC છાત્રોને મળતા વિવિધ એલાઉન્સીસના દરમાં માતબર વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

ભારત સરકારના રક્ષા મંત્રાલયના નેજા તળે મળેલી ૧૯મી જોઈન્ટ સ્ટેટ રિપ્રેઝેન્ટેટીવ કમિટિમાં આ અંગે જે સહમતિ સાધવામાં આવી હતી તે અનુસાર, રિફ્રેશમેન્ટ એલાઉન્સ, વોશીગ એન્ડ પોલીશીગ એલાઉન્સમાં રાજય સરકારનો હિસ્સો ૧૦૦ ટકાનો તથા અન્ય એલાઉન્સીસમાં ૨૫ ટકાનો રહેલો છે.

રાજયની શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ ગઈઈની પ્રવૃતિઓમાં ઉત્સાહપૂર્વક જોડાય તેવા હેતુથી એલાઉન્સીસના આ દરમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

તદઅનુસાર રાજયમાં NCC કેડેટસને મળતા રિફ્રેશમેન્ટ એલાઉન્સમાં રૂ ૮ નો વધારો કરી રૂ.૨ના સ્થાને રૂ.૧૦ પ્રતિ પિરિયડ અપાશે. મેસિંગ એલાઉન્સ કેડેટ દિઠ રૂ.૭૫ના સ્થાને હવે રૂ.૯૫, ટ્રાવેલ જર્ની એલાઉન્સ રૂ.૩૦ પ્રતિદિન પ્રતિ કેડેટ અપાતુ હતું તે રૂ. ૧૨૫ કરવામાં આવ્યું છે.

પ્રત્યેક NCC કેડેટસને દરમહિને આપવામાં આવતા રૂ.૧૦ના વોશિંગ-પોલીસીગ એલાઉન્સમાં રૂ.૫૦નો વધારો કરી તે ૬૦ રૂપિયા કરવામાં આવ્યું છે.

તે જ પ્રમાણે પી.ઓ.એલ. કેમ્પ એલાઉન્સ રૂ.૫૫ સંયુકત વાર્ષિક તાલીમ કેમ્પ માટે મળતુ હતું તે હવેથી રૂ. ૧૨૫ મળશે તેમજ ઈન્સીડેન્ટલ એલાઉન્સ પ્રતિકેડેટ પ્રતિદિન રૂ.૧૨ ના હવે રૂ.૧૮ પ્રમાણે મળતુ થશે. આ એલાઉન્સ વધારો ૧૬ થી વધુ વર્ષો બાદ સુચવવામાં આવ્યો છે.

# એસબીઆઈ લાઈફ ઈન્શ્યુરન્સ દ્વારા જલુંદ પ્રાથમિક શાળાના ગરીબ બાળકોને શૈક્ષણિક કીટ અપાઈ

## એસબીઆઈ લાઈફના 'શિક્ષા સે સફલતા' અભિયાન અંતર્ગત જરૂરિયાતમંદ બાળકોને દફતર સહિત શિક્ષણોપયોગી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકાના જલુંદ ગામે આજે એસબીઆઈ લાઈફ ઈન્શ્યુરન્સ કંપની દ્વારા ગરીબ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. એસબીઆઈ લાઈફ ઈન્શ્યુરન્સની 'શિક્ષા સે સફલતા' અભિયાન અંતર્ગત આ શૈક્ષણિક કીટ પુરી પડાઈ હતી. જેમાં એક સ્કુલ બેગ સાથે શિક્ષણોપયોગી ચીજવસ્તુઓ જેવી કે કંપાસ વિગરેનો સમાવેશ થતો હતો.

જલુંદ ગામની પ્રથમિક શાળાના આશરે ૫૦ બાળકોને એસબીઆઈ લાઈફ ઈન્શ્યુરન્સના ગાંધીનગર એકમ દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું. જેમાં કંપનીના કર્મચારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકોને શૈક્ષણિક કીટ દ્વારા સ્વસ્થ શૈક્ષણિક પર્યાવરણમાં ઔપચારિક શિક્ષણની આકાંક્ષાઓ પુરી કરવામાં મદદરૂપ થવાનો આશય રહેલો છે. 'શિક્ષા સે સફલતા' અભિયાન અંતર્ગત હાથ ધરાયેલા આ કાર્યક્રમમાં ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબોના બાળકોને મજબુત ભવિષ્યની તૈયારી માટે શિક્ષણ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવા માટે શૈક્ષણિક કીટની મદદ આપવામાં આવી હતી. એસબીઆઈ લાઈફ હાલની શૈક્ષણિક પધ્ધતિ દ્વારા સમાજમાં પોતાનું યોગદાન આપી પછાત વર્ગના બાળકોમાંથી પણ દેશમાં ઉચ્ચ પ્રતિભાઓ તૈયાર થઈ શકે જે દેશના વિકાસમાં ભાગ ભજવી શકે તે માટે માળખાકીય અને વ્યુહાત્મક કાર્યક્રમો થકી દેશની સંસ્થાઓને મદદ કરી રહી છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના એસબીઆઈ બેન્ક ઈન્શ્યુરન્સના એરિયા મેનેજર કુણાલ બારોટ, એસબીઆઈ લાઈફ ઈન્શ્યુરન્સના બ્રાન્ચ મેનેજર સાયોન ચક્બર્તી, નારદીપુરના એસબીઆઈ બેંકના બ્રાન્ચ મેનેજર નવિનકુમાર સિંઘ અને એસબીઆઈ લાઈફના સેલ્સ મેનેજર સાકિર દિવાન સહિત સહ મેનેજર્સ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં જલુંદ પ્રાથમિક શાળાના બાળકોએ સાંસ્કૃતિક કૃતિઓ પણ પ્રસ્તુત કરી હતી.



# કડી કેમ્પસમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૦

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળા દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કેમ્પસમાં યોજાયો હતો. જેમાં ૧૬૦૦ વિદ્યાર્થીનીઓને પ્રોજેકટ દ્વારા ડેમો બતાવી સમાજના જીવન ઉદાહરણો પુરા પાડી ચર્ચા કરી હતી.

જેમાં ધો-૯ થી ૧૨ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. 'કેરીયર ખોજ'ની વેબ સાઈટ પરથી કેરીયર કાઉન્સલીંગ, કોલેજ સીલેકશન, સ્ટ્રીમ ફિલ્ડ, જોબ કન્સલ્ટન્સી જેવી ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં શાળાના આચાર્ય, તમામ શિક્ષકો અને સુપરવાઈઝર ઉપસ્થિત રહ્યા હતાં.

## શ્રીજીની હવેલી ખાતે આજે નાવનો મનોરથ

ગાંધીનગર, ૧૦

શ્રીજીની ગોવર્ધનનાથજી હવેલી સેકટર-૨૧ ખાતે આજે શનિવારે નાવનો મનોરથ યોજવામાં આવશે.

# કે.કે. વિદ્યાલય કોલવડામાં વિશ્વ વસ્તી દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૦

તા. ૧૧મી જુલાઈ સમગ્ર દેશમાં 'વિશ્વ વસ્તી દિન' તરીકે ઉજવવામાં આવનાર છે. તે નિમિત્તે કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા શાળાના આચાર્યા શ્રીમતી ભાવનાબા એ. વાઘેલાના અધ્યક્ષપણા હેઠળ તથા રૂપાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અધિકારી દ્વારા માર્ગદર્શન ધો-૯થી ૧૨ના વિદ્યાર્થીઓને આપવામાં આવશે. વિશ્વવસ્તી દિન અંગે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વસ્તી વધારાથી ઉદભવતી સમસ્યા-પ્રશ્નોની છણાવટ કરી હતી. ડોકટરશ્રીએ રોગચાળાની આરોગ્ય સવલતો વિશે જાણકારી આપી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા પ્રથમ ત્રણ ક્રમાંક વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપ્યા હતા જયારે સ્પર્ધકોને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતા. સંચાલનશ્રી નારાયણભાઈ પટેલે કર્યું હતું.




# તત્કાલ પાસપોર્ટ અંગેના પ્રમાણપત્ર માટે ગાંધીનગર રેન્જ કચેરીને અરજી કરી શકાશે

ગાંધીનગર, તા.૧૦

નાગરિકોને અચાનક વિદેશ જવાનું થતા તત્કાલ પાસપોર્ટ કઢાવવાની જરૂર ઉભી થતી હોય છે. કેન્દ્ર સરકારના આઉટ ઓફ ટર્ન પાસપોર્ટ ઈસ્યુ કરવાની તત્કાલ યોજના મુજબ મામલતદાર, પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ, પોલીસ અધિક્ષક, રેન્જ ડી.આઈ.જી. / આઈ.જી.પી. તેમના વિસ્તારમાં રહેતા નાગરિકોના કિસ્સામાં આ પ્રકારનું પ્રમાણપત્ર આપી શકે છે. આ પ્રક્રિયાને વધુ સરળ અને ઝડપી બનાવવા ગાંધીનગર રેન્જ હેઠળના ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં વસતા નાગરિકોએ અરજન્ટ પાસપોર્ટ અંગેના પ્રમાણપત્ર માટે નિયત નમૂનામાં દર્શાવેલી વિગતો સાથે ચાલુ દિવસે બપોરે ૧૨-૩૦ કલાકે પોલીસ મહાનિરીક્ષકની કચેરી, ગાંધીનગર રેન્જ, ગાંધીનગર ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

વધુમાં અરજદારે અરજીપત્રકમાં અરજદારનું પુરેપુરૂ નામ, હાલનું સરનામું (આ સરનામે કેટલા સમયથી રહે છે) રહેઠાણ ના પુરાવા સાથે, કાયમી સરનામું, ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા, જન્મતારીખઃ જન્મનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત (છેલ્લુ પ્રમાણપત્ર) ધંધો/વ્યવસાય, ભુતકાળમાં કોઈ પાસપોર્ટ ઈસ્યુ થયેલ છે કે કેમ? જો પાસપોર્ટ ઈસ્યુ થયેલ હોય તો ફરીથી પાસપોર્ટની લેવાનું કારણ? અરજદાર વિરૂદ્ધ ભૂતકાળમાં કોઈ ગુનો દાખલ થયેલ છે કે કેમ? અને જો ગુનો દાખલ થયેલ હોય તો તેની વિગત દર્શાવાની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અરજદારોનો ગુનાકીય ઈતિહાસ, સરનામું, વગેરેની ખાતરી કર્યા બાદ ૩ કામના દિવસોમાં તત્કાલ પાસપોર્ટ માટેનું પ્રમાણપત્ર આપવામાં આવશે, તેમ પોલીસ મહાનિરીક્ષકની કચેરી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧